ઈશુ ખ્રીસ્તનું જીવન ચરિત્ર

તરજુમો કરનાર

મીસ એચ. ઈ. રૉબીનસન

પ્રસિદ્ધ કરનાર

મીસ એ. એ. એબટ

મજગામ નં. ૪૭ મુંબઈ.

ધર્મ વિજય પ્રેસ પાયધુની નં. ૫૭૨ મુંબઈમાં હરજીવન ભગવાને છાપ્યું.

સને ૧૯૧૪.

પ્રત ૧૦૦૦. આવૃત્તિ પેહેલી.

કીંમત ૧ આનો.

વિભાગ વાર સાર.

ભાગ ૧.

ખાનગી જીંદગીનાં ત્રીસ વરસ.

ઇશુના જન્મથી તે યોહાન બાપ્તિસ્મા કરનારના આવવા સુધી.

પ્રકરણ ૧. પ્રસ્તાવિક.

§ ૧. યોહાનની લખેલી સુવાર્તાનો ઉપોદ્ઘાત. યોહાન. ૧ ૧ – ૧૮.
§ ૨. લુકની લખેલી સુવાર્તાની પ્રસ્તાવના. લુક. ૧ : ૧ – ૪
§ ૩. બે વંશાવળીઓ. માત્થિ. ૧ : ૧ – ૧૭. લુક. ૩ : ૨૩ – ૩૮.

પ્રકરણ ૨. સંદેશા.

§ ૪. યોહાન બાપ્તિસ્મા કરનારના જન્મ વિશે વચન. લુક. ૧ ૫ – ૨૫.
§ ૫. મરીયમને ખબર આપવામાં આવે છે. લુક. ૧ : ૨૬ – ૩૮.
§ ૬. યુસફને ખબર આપવામાં આવે છે. માત્થી. ૧ ૧૮ – ૨૫
§ ૭. મરીયમ એલીસાબેતને મળવા જાય છે. લુક. ૧ : ૩૯ – ૫૬.

પ્રકરણ ૩. યોહાન બાપ્તિસ્મા કરનારનો તથા ઇશુનો જન્મ.

§ ૮. યોહાન બાપ્તિસ્મા કરનારનો જન્મ. લુક. ૧ : ૫૭ – ૮૦.
§ ૯. ઇશુ ખ્રીસ્તનો જન્મ. (માત્થિ ૧ : ૧૮ – ૨૫.) લુક. ૨ ૧ – ૭.
§ ૧૦. દૂતો અને ભરવાડો. લુક. ૨ : ૮ – ૨૦

પ્રકરણ ૪. ઇશુનું બાળપણ.

§ ૧૧. સુંનત. લુક. ૨ . ૨૧.
§ ૧૨. મદીરમાં હાજર કરાય છે. લુક. ૨ : ૨૨ – ૩૯.
§ ૧૩. પૂર્વના માગી લોકો. માત્થિ. ૨ : ૧ – ૧૨.
§ ૧૪. મીસરમાં ન્હાસી જવુ અને નાઝરેથ પાછા આવવું. માત્થિ. ૨ : ૧૩ – ૨૩.

પ્રકરણ ૫. નાઝરેથમાં ઇશુનું જીવન.

§ ૧૫. નાઝરેથમાં બાલ્યા વસ્થા. [માત્થિ ૨ : ૨૩] લુક. ૨ : [૩૯] ૪૦.
§ ૧૬. બાર વરસની ઉમ્મરે યરૂશાલેમ જાય છે. લુક. ૨ : ૪૧ – ૫૦.
§ ૧૭. નાઝરેથમાં અઢાર વરસ. લુક. ૨ : ૫૧ – ૫૨.

ભાગ ૨.

ખ્રીસ્તના કામના આરંભના બનાવો.

યોહાન બાપ્તિસ્મા કરનારના આવવાથી તે યરૂશાલેમમાં ઇશુના જાહેર આવવા સુધી.

પ્રકરણ ૬. સુવાર્તાની શરૂઆત.

§ ૧૮. યોહાન બાપ્તિસ્મા કરનારનું કામ. માત્થિ. ૩:૧–૧૨; માર્ક. ૧:૧–૮, લુક. ૩:૧–૧૭[૧૮.]

§ ૧૯. ઇશુનું બાપ્તિસ્મા. માત્થિ. ૩:૧૩–૧૭, માર્ક ૧:૯–૧૧; લુક. ૩:૨૧–૨૨.

§ ૨૦. રાનમાં પરિક્ષણ. માત્થિ. ૪.૧–૧૧; માર્ક. ૧·૧૨–૧૩, લુક ૪:૧–૧૩.

પ્રકરણ ૭. વિશ્વાસની શરૂઆત.

§ ૨૧.	યાજકો અને લેવીઓની આગળ યોહાનની સાક્ષિ.	યોહાન. ૧.૧૯–૨૮.
§ ૨૨.	ઇશુ, દેવનું હલવાન.	યોહાન. ૧:૨૯–૩૪.
§ ૨૩.	પહેલા ત્રણ શિષ્યો.	યોહાન. ૧:૩૫–૪૨.
§ ૨૪.	ફીલીપ અને નાથાનાએલ.	યોહાન. ૧.૪૩–૫૧.
§ ૨૫.	પહેલો ચમત્કાર: પાણીનો દ્રાક્ષરસ.	યોહાન. ૨.૧–૧૧.
§ ૨૬.	કાપરના હુમમાં મુસાફરી.	યોહાન. ૨:૧૨.

પ્રશ્નો.

૧. યોહાનની લખેલી સુવાર્તાના (૧:૧–૧૮) ઉપોદ્ઘાતમાં ઇશુને કયાં કયાં નામો લગાડવામાં આવ્યાં છે?

૨. લુકને તેની બાતમી કયાંથી મળી તે વિશે, ખરી હકીકત મેળવવાની તેની કાળજી વિશે, અને એ સુવાર્તા લખવાના તેના હેતુ વિશે, લુકની લખેલી સુવાર્તાનું પહેલું વાકય શું બતાવે છે?

૩. યોહાન બાપ્તિસ્મા કરનારના જન્મ વિષેની ખબર અગાઉથી કોને આપવામાં આવી હતી, અને તે વખતે તે કયાં હતો?

૪. ઇશુના જન્મ વિષેની ખબર અગાઉથી કયા માણસોને આપવામાં આવી હતી ?

૫. આ માણસોને તેના વિષે કેવાં વચનો અને કેવી ભવિષ્ય વાતો કહેવામાં આવ્યાં હતાં ?

૬. દૂતો અને ભરવાડોની વાત કહો ?

૭. નાઝરેથમાંનાં ઇશુની જુવાનીનાં વર્ષો વિશે લુક કેવું વર્ણન કરેછે ?

૮. બધા લોકોને યોહાન બાપ્તિસ્મા કરનારનો મહાન સંદેશો શું હતો ?

૯. જ્યારે યોહાન ઇશુનું બાપ્તિસ્મા કરવા અચકાતો હતો ત્યારે ઇશુએ તેને કેવો જવાબ આપ્યો ?

૧૦. રાનમાં ચાળીસ દિવસને અંતે પરિક્ષણમાં શેતાને ઇશુને કયાં ત્રણુવાનાં કરવાની દરખાસ્ત કરી ?

૧૧. આ બધાં પરિક્ષણો પર ઇશુ કેવી રીતે જય પામ્યો ?

૧૨. જ્યારે યરૂશાલેમથી યાજકો અને લેવીઓ યોહાનને પુછવાને આવ્યા કે તે કોણ છે ત્યારે યોહાને પોતા વિશે શું કહ્યું ?

૧૩. યરદનને પેલે પાર બેથાનીયા (બેથાબારા) માં ઇશુને બતાવતાં યોહાને ઇશુને કેવું નામ આપ્યું ?

૧૪. યરદનને પેલે પાર બેથાનીયા (બેથાબારા) માં ઇશુની પાછળ જનારા માણસો કોણ હતા ?

૧૫. ઇશુએ પોતાનો પ્રથમ ચમત્કાર કયાં કર્યો અને તે શું હતો ?

વિભાગવાર સાર.

ભાગ ૩.

શરૂઆતમાં યહુદામાં કરેલું કામ.

યરૂશાલેમમાં ઈશુના જાહેર રીતે પ્રગટ થવાથી તે તેના ગાલીલમાં પાછા ફરવા સુધી.

પ્રકરણ ૮. યરૂશાલેમમાં ખ્રીસ્તના કામની શરૂઆત.

§. ૨૭. મંદીરનુ પહેલીવાર શુદ્ધિ કરણ. યોહાન. ૨ ' ૧૩ – ૨૨.
§. ૨૮. નીકોદેમસ સાથે સવાદ. યોહાન. ૨ : ૨૩ – ૩ ૨૧

પ્રકરણ ૯. યહુદામાં ઉપદેશ અને બાપ્તિસ્માનું કામ.

§ ૨૯ ખ્રીસ્ત યહુદાહમાં બાપ્તિસ્મા કરેછે. યોહાન. ૩ ૨૨. [યોહાન. ૪ . ૧, ૨]
§ ૩૦. એનોનમાં યોહાનની ખ્રીસ્ત વિશેની સાક્ષી યોહાન. ૩ ' ૨૩ – ૩૬

પ્રકરણ ૧૦. સમારીયામાં બે દિવસ.

§ ૩૧. યહુદાહમાંથી નીકળવું. [માત્થિ. ૪ : ૧૨.] [માર્ક ૧ : ૧૪] યોહાન ૪ ૧ – ૩.
§ ૩૨. સમારીયાની સ્ત્રી સાથે સંવાદ. યોહાન. ૪ ૪ – ૨૬
§ ૩૩. સેખારમાં સુવાર્ત્તા. યોહાન. ૪ ૨૭ – ૪૨

ભાગ. ૪.

પહેલી વખતનું ગાલીલમાં કામ.

ગાલીલમાં પાછા ફરવાથી તે બાર શિષ્યોના પસંદ કરવા સુધી.

પ્રકરણ ૧૧. ગાલીલમાં ખ્રીસ્તના કામની શરૂઆત.

§ ૩૪. યોહાન બાપ્તિસ્મા કરનારનું કેદ પડવું, અને ખ્રીસ્તના ગાલીલમાંના કામની શરૂઆત.
[માત્થિ ૧૪ : ૩ – ૫] [માર્ક ૬ : ૧૭, ૧૮] લુક. ૩ : ૧૮ – ૨૦.
માત્થિ ૪ : ૧૨ [૧૭]. માર્ક ૧ : ૧૪, ૧૫. લુક. ૪ : ૧૪, ૧૫.
§ ૩૫. અમીરનો દીકરો. યોહાન. ૪ : ૪૬ – ૫૪.
§ ૩૬. નાઝરેથનો પ્રથમ નકાર. યોહાન. ૪ : ૪૬ – ૫૪.
લુક. ૪ : ૧૬ – ૩૦.

§ ૩૭. કાપરના હુમમાં જવું. માત્થિ. ૪:૧૩–૧૬ [૧૭] લુક. ૪:૩૦ અ.

પ્રકરણ ૧૨. ચાર શિષ્યોનું તેડું, અને ઉપદેશ કરવાની પ્રથમ મુસાફરી.

§ ૩૮. ચાર શિષ્યોનું તેડું. માત્થિ. ૪:૧૮–૨૨; માર્ક. ૧:૧૬–૨૦, લુક ૫:૧–૧૧.

§ ૩૯. કાપરના હુમમાં ચમત્કારનો દહાડો. માત્થિ. ૮:૧૪ ૧૭, માર્ક. ૧:૨૧–૩૪; લુક. ૪:૩૧ બ–૪૧.

§ ૪૦. ગાલીલમાં ઉપદેશની પ્રથમ મુસાફરી.
[માત્થિ ૪·૨૩] માર્ક. ૧:૩૫–૪૫. લુક. ૪:૪૨–૪૪.
માત્થિ. ૮:[૧] ૨–૪. લુક. ૫:૧૨–૧૬.

પ્રકરણ ૧૩. શાસ્ત્રીઓ અને ફરોશીઓનો વધતો જતો શત્રુભાવ.

§ ૪૧. ચાર જણા પક્ષાઘાતીને લઇ આવે છે.
માત્થિ. ૯:[૧]૨–૮ માર્ક. ૨:૧–૧૨ લુક. ૫.૧૭–૨૬.

§ ૪૨. માત્થિનું તેડું. માત્થિ. ૯.૯–૧૩; માર્ક ૨.૧૩–૧૭; લુક ૫:૨૭–૩૨.

§ ૪૩. ઉપવાસ કરવા વિશેનો પ્રશ્ન.
માત્થિ. ૯:૧૪–૧૭; માર્ક. ૨:૧૮–૨૨ લુક. ૫.૩૩–૩૯.

§ ૪૪. બેથેસ્દાના કુંડ આગળનો રોગી. યોહાન. અધ્યાય ૫.

§ ૪૫. શિષ્યો કણસલાં તોડે છે. માત્થિ. ૧૨:૧–૮; માર્ક ૨:૨૩–૨૮ લુક. ૬:૧–૫.

§ ૪૬. સુકાઇ ગયેલા હાથવાળો માણસ.
માત્થિ. ૧૨:૯–૧૪, માર્ક. ૩:૧–૬, લુક. ૬:૬–૧૧.

પ્રશ્નો.

૧. સુવાર્ત્તામાં વર્ણવેલો, યરૂશાલેમમાં બનેલો, ઇશુની $\frac{\text{લોક}}{\text{જાહેર}}$ સેવાનો પ્રથમ બનાવ કયો છે!

૨. યરૂશાલેમમાં ઇશુ ઉપર વિશ્વાસ કરનારાઓમાંના ઘણાખરાનું વર્તન કેવું હતુ ?

૩. યહુદી જમાતમાં નીકોદેમસનો દરજ્જો કેવો હતો!

૪. ઇશુએ નીકોદેમસને શીખવેલું મહાન્ સત્યોમાંથી એક અથવા વધારે કહી બતાવો.

૫. મંદીરને પ્રથમવારનું શુધ્ધ કર્યા પછી યરૂશાલેમ મુકીને ઇશુ કયાં ગયો અને કયા કામમાં જોડાયો?

૬. સમારીયાની સ્ત્રી સાથે વાત કરતાં ઇશુએ શામાંથી પોતાનું ઉદાહરણ કહાડયું, અને તેણે કઇ એક મોટી સત્યવાત તેણીને શીખવી!

૭. યોહાન બાપ્તિસ્મા કરનારના કયા કૃત્યે તેને બંદીખાનામાં નંખાવ્યો?

૮. યોહાનની વર્ત્તણુંકમાંથી તમને વધારે ચિત્તાકર્ષક દેખાતી બે અથવા વધારે વાતો, દરેક એક એક શબ્દમાં કહી બતાવો.

૯. યોહાન કેદ કરાયા પછી ઇશુ કયાં કામ કરવા લાગ્યો?

૧૦. નાઝરેથમાં ઇશુનો પ્રથમ નકાર કરવામાં આવ્યો તેની વાત ટુકામાં કહો.

૧૧. પોતાની પાછળ ચાલવાને જે ચાર માછીઓને ઇશુએ તેડયા તેમના નામ કહો.

૧૨. કાપરના હુમમાં ચમત્કારી કાર્યોને દીવસે બનેલા બનાવો કહો.

૧૩. ઇશુના જવાબ શું હતા?

(अ) જ્યારે ઇશુએ પક્ષાઘાતીનાં પાપ માફ કર્યાં અને શાસ્ત્રીઓ એ બાબત કચ કચ કરવા લાગ્યા ત્યારે?

(ब), પાપીઓ અને દાણીઓ સાથે ખાવા પીવે જ્યારે લોક કચકચ કરવા લાગ્યા ત્યારે?

(क), જ્યારે લોકોએ તેને પુછયું કે તેના શીષ્યો શા માટે ઉપવાસ નથી કરતા. ત્યારે?

(ड), સાબ્બાથ વારે એક માણુસને સાજો કરવા વિષે જ્યારે યરૂશાલેમના યહુદીઓએ કચકચ કરી ત્યારે?

૧૪. સાબ્બાથવારે તેના શિષ્યોએ કણુસલાં તોડવા બાબત જ્યારે તેની પાસે ફરીયાદ કરવામાં આવી ત્યારે ઇશુએ કેવો જવાબ આપ્યો? તેની પાંચ દલીલોમાંથી એક અથવા વધારે કહો.

વિભાગવાર સાર.

ભાગ ૫.

બીજી વખતનું ગાલીલમાં કામ.

બાર શિષ્યોને પસંદ કર્યા ત્યારથી તે ગાલીલના ઉત્તર ભાગમાં જવા સુધી.

પ્રકરણ. ૧૪. રાજ્યની વ્યવસ્થા.

§ ૪૭. ખ્રીસ્તની વધેલી કીર્ત્તિ.
માત્થી. ૪:૨૩-૨૫.
માત્થી ૧૨ ૧૫-૨૧. માર્ક. ૩:૭-૧૨. [લુક. ૬:૧૭-૧૯]

§ ૪૮. બારની પસંદગી. [માત્થિ. ૧૦:૨-૪] માર્ક. ૩:૧૩-૧૯અ.
લુક. ૬.૧૨-૧૯.

§ ૪૯. પહાડ પરનું ભાષણ. માત્થિ અધ્યાય ૫, ૬, ૭, [૮:૧]. લુક. ૬.૨૦-૪૯.

પ્રકરણ ૧૫. ઉપદેશ કરવાની બીજી મુસાફરી.

§ ૫૦. સુબેદારનો ચાકર માત્થિ. ૮:૫-૧૩. લુક. ૭.૧-૧૦.

§ ૫૧. નાઇનની વિધવાના છોકરાને ઉઠાડે છે. લુક. ૭:૧૧-૧૭.

§ ૫૨. યોહાન બાપ્તિસ્મા કરનારનો છેલ્લો સંદેશો.
માત્થિ. ૧૧:૨-૧૯; લુક. ૭:૧૮-૩૫.

§ ૫૩. સીમોન ફરોશીના ઘરમાં ઇશુને માથે અત્તર ચોળાય છે. લુક. ૭:૩૬-૫૦.

§ ૫૪. તેની ઉપદેશ કરવાની બીજી મુસાફરીમાં ખ્રીસ્તના સાથીઓ. લુક. ૮:૧-૩.

પ્રકરણ ૧૬. ગાલીલના સમુદ્ર પાસે શિક્ષણનો દહાડો.

§ ૫૫. શાસ્ત્રીઓ અને ફરોશીઓને ચેતવણી.; એક અનંત કાલીક પાપ."
માત્થિ. ૧૨:૨૨-૪૫; માર્ક. ૩:૧૯બ-૩૦. લુક. ૧૧:૧૪-૩૬.

§ ૫૬. ખ્રીસ્તનાં ખરાં સગાં.
માત્થિ. ૧૨:૪૬-૫૦. માર્ક. ૩:૩૧-૩૫. લુક. ૮:૧૯-૨૧.

૫૭. સમુદ્ર કિનારે દૃષ્ટાંતો.
માત્થિ. ૧૩:૧-૫૩. માર્ક. ૪;૧-૩૪, લુક. ૮:૪-૧૮.

પ્રશ્નો.

૧. જે સમયનો આ મહિને અભ્યાસ કર્યો તે સમયની શરૂઆતે ઇશુ કેટલોક પ્રખ્યાત થયો હતો—એટલે કે, બાર શિષ્યોને પસંદ કરવા પહેલાં?

૨. કયા લોકમાંથી ઇશુએ બાર શિષ્યો પસંદ કર્યા, અને શાને માટે પસદ કર્યા?

૩. બારને પસદ કર્યા પછી ઇશુએ કયું મોટું ભાષણ કર્યું?

૪. માત્થિની લખેલી સુવાર્તામાં વર્ણવેલી ધન્યતાઓમાંની, પહેલી સહીત, ત્રણ ધન્યતાઓ લખો.

૫. પહાડપરના ભાષણમાં ઇશુએ મીઠા વિશે અને અજવાળા વિષે શું કહ્યુ તે લખો.

૬. આ ભાષણમાં નિયમનો નાશ કરવા વિશે ઇશુએ શું કહ્યું?

૭. "હત્યા ન કર......એમ પુરાતન લોકોને કહેલું હતું, એ તમે સાંભળ્યું છે........" એ ઇશુએ કહેલું વાકય પુરું કરો.

૮. દાનધર્મ કેમ કરવાં એ વિશે ઇશુએ જે શીખાડયું તે તમારા પોતાના શબ્દોમાં કહો.

૯. માણસોએ પ્રથમ શું શોધવું જોઇએ એ વિશે તેણે શું કહ્યું?

૧૦. યોહાન બાપ્તિસ્મા કરનારના માણસે ઇશુને શું સવાલ પુછયો, અને ઇશુએ તેનો કેવો જવાબ આપ્યો ?

૧૧. યોહાન વિશે ઇશુએ લોકોના સમુદાયને શુ કહ્યુ ?

૧૨. સીમોન ફરોશીના ઘરમાં ઇશુને માથે અત્તર ચોળવામા આવ્યુ તે વાત ટુંકામાં કહો.

૧૩. "અનંતકાળીક પાપ" વિશેનાં ઇશુના શબ્દો લખો અને તે કેવે પ્રસગે ઉચ્ચારાયા હતા તે કહો.

૧૪ તેના સગાં કોણ છે એ વિશે ખ્રીસ્તે શુ કહ્યુ ?

૧૫ "દરીયા કાંઠેનાં દ્રષ્ટાનો" કહો

વિભાગવાર સાર.

ભાગ ૫.

[થી ચાલુ]

બીજી વખતનું ગાલીલમાં કામ.

બાર શિષ્યોને પસંદ કર્યા ત્યારથી તે ગાલીલના ઉત્તર ભાગમાં જવા સુધી.

પ્રકરણ ૧૭ ગાલીલના સમુદ્ર કિનારે ચમત્કારી કાર્યોનો દિવસ.

§ ૫૮. તોફાનને શાંત કરવું.

માથિ ૮ [૧૮] ૨૩–૨૭. માર્ક ૪ : ૩૫–૪૧. લુક ૮ ૨૨–૨૫.

§ ૫૯. ગાદરેનોનાં ભૂતો.

માથિ ૮ : ૨૮–૩૪. માર્ક ૫ : ૧–૨૦ લુક. ૮ : ૨૬–૩૯.

§ ૬૦. યાઇરસની દીકરીને ઉઠાડે છે.
માત્થિ ૯:[૧]૧૮–૨૬. માર્ક ૫:૨૧–૪૩. લુક. ૮:૪૦–૫૬.

§ ૬૧. બે આંધળા માણુસો, અને ભૂત વળગેલો મુંગો. માત્થિ ૯:૨૭–૩૪.

પ્રકરણ ૧૮. ઉપદેશ કરવાની ત્રીજી મુસાફરી.

§ ૬૨. નાઝરેથમાં બીજીવારનો નકાર. માત્થિ ૧૩:૫૪–૫૮, માર્ક ૬:૧–૬ अ.

§ ૬૩. ઉપદેશ કરવાની ત્રીજી મુસાફરી ચાલુ. માત્થિ ૯·૩૫. માર્ક ૬:૬ ब.

§ ૬૪. બાર (શિષ્યો) નુ પ્રેરિતત્વ. માત્થિ ૯ ૩૬–૧૧:૧. માર્ક ૬.૭–૧૭ લુક ૯.૧–૬.

§ ૬૫. યોહાન બાપ્તિસ્મા કરનારનું મરણ. માત્થિ ૧૪:૧–૧૨. માર્ક ૬:૧૪–૨૯.
લુક ૯ ૭–૯.

પ્રકરણ ૧૯. કાપરના હુમમાં બારીક સમય.

§ ૬૬. પાંચ હજારનું જમણુ. માત્થિ ૧૪:૧૩–૨૩. માર્ક ૬·૩૦–૪૬. લુક ૯:૧૦–૧૭.
યોહાન ૬:૧–૧૫.

§ ૬૭. ઈશુનું પાણીપર ચાલવું. માત્થિ ૧૪.૨૪–૩૬ માર્ક ૬.૪૭–૫૬.
યોહાન. ૬:૧૬–૨૧.

§ ૬૮. જીવનની રોટલી વિશે સંવાદ. યોહાન. ૬·૨૨–૭૧.

§ ૬૯. અણધોયલે હાથે જમવા વિશે સંવાદ. માત્થિ ૧૫.૧–૨૦. માર્ક ૭.૧–૨૩.

પ્રશ્નો.

૧. તોફાન શાંત કરવાની વાત કહો.

૨. તોફાન શાંત કર્યા પછી ઇશુ કયા દેશમાં આવ્યો, અને શું ચમતકાર કર્યો?

૩. યાઇરસની દીકરીની વાતની વચ્ચે, પહેલી ત્રણ સુવાર્તામાં, બીજી કઇ વાત આવેછે?

૪. બાર (શિષ્યો) ને ઇશુએ શું કરવા મોકલ્યા એ વિશે માત્થિની સુવાર્તા શું કારણ બતાવે છે?

૫. બાર (શિષ્યો) ને મોકલતી વખતે ઇશુએ તેમને જે જે સુચનાઓ કરી તેની સામાન્ય મતલબ કહો.

૬. કયા બનાવો યોહાન બાપ્તિસ્મા કરનારના મરણમાં કારણભુત થયા તે કહો.

૭. પાંચ હજારને જમાડવાની વાત ટુંકામાં કહો.

૮. જે લોકો જમ્યા હતા તેમની ઇચ્છા ઇશુને શું કરવાની હતી, અને તે પરિક્ષણ પર કેમ કરી જય પામ્યો?

૯. પછીની બીજી રાતે શું બનાવ બન્યો?

૧૦. પાંચ હજારને જમાડયા પછી બીજે દહાડે કાપરના હુમમાં ઇશુના સંવાદનો વિષય શુ હતો? અને શાથી આ વખતથી ઘણા લોકો તેને છોડીને ચાલ્યા ગયા?

૧૧. આ વખતે ઇશુએ પોતાના શિષ્યોને શું સવાલ પુછયો, અને પીતરે તેનો શો જ-જવાબ આપ્યો?

૧૨. તેના શિષ્યો અણધોયલે હાથે શા માટે જમતા હતા એમ પુછનારાઓને ઇશુએ કેવો જવાબ આપ્યો?

૧૩. આ સંબંધમાં ખોરાકની વર્ત્તણુંક પરની અસર વિશે તેણે શો પાઠ શીખાડયો?

૧૪. પાપના ઉત્પત્તિસ્થાન અને પાપની પ્રકૃતિ વિશે કેવો પાઠ આપ્યો?

૧૫. આ મહીને અભ્યાસમાં આવેલા ઇશુના ચમત્કાર કહો.

વિભાગવાર સાર.

ભાગ ૬.

ત્રીજી વખતનું ગાલીલમાં કામ.

ગાલીલના ઉત્તર ભાગમાં નીકળી જવાથી તે યરૂશાલેમ જવાની છેલ્લી વિદાયગીરી સુધી.

પ્રકરણ ૨૦. એકાંતને માટે ઉત્તર તરફની પ્રથમ મુસાફરી.

§ ૭૦ સૂર અને સીદોન તરફ મુસાફરી, કનાની સ્ત્રીની દીકરી માથ્થિ ૧૫.૨૧–૨૮.
માર્ક ૭:૨૪–૩૦.

§ ૭૧. દેકાપોલીસમાં થઇને પાછું ફરવું; સાજા કરવાના ઘણા ચમત્કાર. માથ્થિ ૧૫ ૨૯–૩૧.
માર્ક ૭ ૩૧–૩૭.

પ્રકરણ ૨૧. ગાલીલના સમુદ્રે ફરી થોડી વાર પાછું ફરવું.

§ ૭૨. ચાર હજારનું જમણ. માથ્થિ ૧૫ ૩૨–૩૮ માર્ક ૮.૧–૯.

§ ૭૩. ફરોશીઓ અને સાદુકીઓનુ આકાશથી ચિન્હનું માગવુ.
માથ્થિ ૧૫:૩૯–૧૬.૧૨. માર્ક ૮.૧૦–૨૧.

§ ૭૪. બેથસાયદા પાસે આંધળો માણસ. માર્ક ૮.૨૨–૨૬.

પ્રકરણ ૨૨. એકાંતને માટે ઉત્તર તરફની બીજી મુસાફરી.

§ ૭૫. પીતરની કબુલાત. માથ્થિ ૧૬ ૧૩–૩૦. માર્ક ૮ ૨૭–૩૦. લુક ૯.૧૮–૨૧.

§ ૭૬. ખ્રીસ્ત પોતાના મરણ અને પુનરૂત્થાન વિશે અગાઉથી કહેછે.
માથ્થિ ૧૬:૨૧–૨૮. માર્ક ૮:૩૧–૯.૧. લુક ૯:૨૨–૨૭.

§ ૭૭ રૂપાંતર. માથ્થિ ૧૭.૧–૧૩. માર્ક ૯:૨–૧૩. લુક. ૯:૨૮–૩૬.

§ ૭૮. ભૂત વળગેલો છોકરો માથ્થિ ૧૭.૧૪–૨૦, માર્ક ૯:૧૪–૨૯. લુક ૯ ૩૭–૪૩ अ.

§ ૭૯. ખ્રીસ્ત પોતાના મરણ અને પુનરૂત્થાન વિશે ફરી અગાઉથી કહેછે.
માથ્થિ ૧૭:૨૨, ૨૩. માર્ક ૯ ૩૦–૩૨. લુક ૯:૪૩ ब–૪૫

પ્રકરણ ૨૩. ફરી કાપરનાહુમમાં.

§ ૮૦. માછલીના મ્હોંમાં નાણું. માથ્થિ ૧૭:૨૪–૨૭ [માર્ક ૯.૩૩ अ].

§ ૮૧. નમ્રતા અને માફી વિશે સંવાદ. માથ્થિ અધ્યાય ૧૮. માર્ક ૯:૩૩–૫૦.
લુક ૯:૪૬–૫૦.

પ્રકરણ ૨૪. યરૂશાલેમની મુલાકાત.

§ ૮૨. ખ્રીસ્ત માંડવા પર્વમાં. યોહાન. ૭:૧–૫૨.

પ્રશ્નો.

૧. જે સમયનો આ મહીને અભ્યાસ કર્યો તે સમયની શરૂઆતમા એકાંતને માટે ઇશુ કયા પ્રાતમાં ગયો?

૨. એકાંત માટે જતા જતાં રસ્તામા ઇશુએ કયો ચમત્કાર કર્યો?

૩. ગાલીલના સમુદ્ર પાસે ઇશુ જ્યારે પાછો આવ્યો ત્યારે તેણે, પ્રથમ કર્યો હતો તેવોજ, કયો ચમત્કાર કર્યો?

૪. ફરોશીઓએ અને સાદુકીઓએ જ્યારે આકાશથી નિશાની માગી ત્યારે તેણે કેવો જવાબ આપ્યો.

૫. ફરોશીઓના ખમીર વિશે તેણે પોતાના શિષ્યોને શું શીખાડયું?

૬. પીતરની કબુલાત કઢાવનારો ઇશુનો કયો સવાલ હતો, અને એ કબુલાત શી હતી?

૭. તે પછી તરતજ, ઇશુ પોતાના શિષ્યોને શું શીખવવા લાગ્યો, અને તે શિક્ષણનો તેમણે કેવો અંગિકાર કર્યો?

૮. રૂપાંતરની વાત કહો.

૯. રૂપાંતરના હેતુનો ખુલાસો કરો.

૧૦. રૂપાંતરના પહાડ પરથી નીચે ઉતરીને સાજા કરવાનો કયો ચમત્કાર ઇશુએ કર્યો?

૧૧. માછલીના મ્હોમાંના નાણાની વાત કરો.

૧૨. ઇશુએ એક નાના બાળકથી પોતાના શિષ્યોને શું બોધ આપ્યો?

૧૩. ઇશુના નામમાં ભૂતોને કહાડનાર માણસ વિશે જ્યારે યોહાને ઇશુને કહ્યું ત્યારે ઇશુએ કેવો જવાબ આપ્યો?

૧૪. આ મહીને અભ્યાસ કરેલા સમયના અંતભાગમાં ઇશુ યરૂશાલેમમાં કયા પર્વમાં ગયો?

૧૫. આ વખતે યરૂશાલેમમાં કરેલા બે સંવાદોનાં નામ આપો.

વિભાગવાર સાર.

ભાગ ૭.

પેરીયામાં કામ.

ગાલીલમાંથી છેલ્લી વખતના નીકળવાથી તે યરૂશાલેમ છેલ્લી વખત આવવા સુધી.

પ્રકરણ ૨૫. ગાલીલમાંથી નીકળવાથી તે પ્રતિષ્ઠાપર્વ પછી સુધી.

§ ૮૬. ગાલીલમાંથી છેલ્લી વખતનું નીકળવું.
માત્થિ. ૧૯:૧, ૨, માર્ક ૧૦:૧. લુક. ૯:૫૧–૬૨.
માત્થિ. ૮:[૧૮] ૧૯–૨૨.

§ ૮૭. સિત્તેરનું પ્રેરિતત્વ. માત્થિ. ૧૧:૨૦–૩૦. લુક. ૧૦:૧–૨૪.

§ ૮૮. ભલો સમરૂની. લુક. ૧૦:૨૫–૩૭.

§ ૮૯. મારથા અને મરીયમની મુલાકાત. લુક. ૧૦:૩૮–૪૨.

§ ૯૦. જન્મથી આંધળા માણસને સાજો કરે છે. યોહાન. અધ્યાય. ૯.

પ્રકરણ ૨૬. પ્રતિષ્ઠાપર્વથી તે ઇફ્રાઇમના દેશમાં જવા સુધી.

પ્રકરણ ૨૭. એફ્રાઇમના મુલકમાં જતા રહેવાથી તે છેલ્લી વખત યરૂશાલેમ આવવા સુધી.

પ્રશ્નો.

૧. આ મહીને અભ્યાસ કરેલા સમયની શરૂઆતે ઇશુ કયા પ્રાંતમાંથી નીકળ્યો અને પછી એજ સમય દરમ્યાન કયા પ્રાંતોમાં તેણે મુસાફરી કરી?

૨. આ સમયે ઇશુએ કેટલા શિષ્યોને મોકલ્યા, અને શા હેતુથી?

૩. જ્યારે આ શિષ્યો પાછા આવ્યા ત્યારે ઇશુએ શું કહ્યુ!

૪. "ઓ કષ્ટ કરનારાઓ તથા ભારથી લાદેલાઓ, તમે સઘળા મારી પાસે આવો" થી શરૂ થતું ઇશુનું વેણ પુરૂં લખો.

૫. ભલા સમરૂનીના દ્રષ્ટાંતનું મુખ્ય શિક્ષણ શુ છે?

૬. જન્મના આંધળા માણસને દેખતો કરવાની વાત કહો.

૭. ઉત્તમ ભરવાડને લગતી વાતના સંબંધમાં ઇશુ પોતા વિશે કઇ મુખ્ય વાતો કહેછે?

૮. ઇશુએ ખાસ કરીને શાને માટે ફરોશીઓને ઉધડા લીધા ?

૯. પીલાતે મારેલા ગાલીલીઓ વિશે જેમણે ઇશુને વાત કરી તેમને તેણે શું શીખાડયું ?

૧૦ થોડાજ તારણ પામશે શું, એ સવાલનો ઉત્તર ઇશુએ શું આપ્યો ?

૧૧ સાબ્બાથવારે સાજા કરવા માટે જે લોક ઇશુનો વાક કહાડતા હતા તેમને માટે ઇશુનો જવાબ વાસ્તીક રીતે શું હતો ?

૧૨. તેના શિષ્ય થવા માટે જે જરૂરનું છે તેને માટે અગાઉથી ખર્ચ ગણી જોવાની વાત પરથી ઇશુ શું શીખાડે છે ?

૧૩. કૃપાનાં ત્રણ દ્રષ્ટાંત કહો.

૧૪. આ દ્રષ્ટાંતોમાંથી ત્રીજા દ્રષ્ટાંતનુ શું મુખ્ય શિક્ષણ છે ?

૧૫. દ્રવ્યવાન અને લાજરસનું દ્રષ્ટાંત માણસોને ખાસ કરીને કયા પાપની વિરૂધ્ધ ચેતવણી આપેછે ?

ભાગ ૮.

દુઃખનું અઠવાડીયું.

છેલ્લી વખતના યરૂશાલેમ આવવાથી તે પુનરૂત્થાન સુધી.

પ્રકરણ ૨૮. રવિવાર.—જયોત્સવનો દિવસ.

§ ૧૧૯. વિજયી પ્રવેશ.
માત્થિ ૨૧:૧–૧૧. માર્ક ૧૧ ૧–૧૧. લુક. ૧૯. ૨૯–૪૪. યોહાન. ૧૨ ૧૨ ૧૯.

પ્રકરણ ૨૯. સોમવાર.—અધિકારનો દિવસ.

§ ૧૨૦. અંજીરીને શ્રાપ.
માત્થિ. ૨૧:૧૮–૧૯. માર્ક. ૧૧:૧૨–૧૪.

§ ૧૨૧. મંદિરનું બીજીવાર શુધ્ધિકરણ.
માત્થિ. ૨૧:૧૨–૧૭. માર્ક. ૧૧:૧૫–૧૯. લુક. ૧૯:૪૫–૪૮.
[લુક. ૨૧:૩૭, ૩૮.]

પ્રકરણ ૩૦. મંગળવાર.—વિરોધનો દિવસ.

§ ૧૨૨. અંજીરી સુકાઇ ગઇ.
માત્થિ. ૨૧:૨૦–૨૨. માર્ક. ૧૧:૨૦–૨૫.

§ ૧૨૩. ખ્રીસ્તને અધિકાર હોવાનો સવાલ.
માત્થિ. ૨૧:૨૩–૨૭. માર્ક. ૧૧:૨૭–૩૩. લુક. ૨૦:૧–૮.

§ ૧૨૪. ચેતવણીનાં ત્રણ દ્રષ્ટાંત.
માત્થિ. ૨૧:૨૮–૨૨:૧૪. માર્ક. ૧૨:૧–૨૨. લુક. ૨૦:૯–૧૯

§ ૧૨૫. યહુદી અધિકારીઓના કપટ ભરેલા ત્રણ સવાલ.
માત્થિ. ૨૨.૧૫–૪૦. માર્ક ૧૨:૧૩–૩૪ લુક. ૨૦:૨૦–૪૦.

§ ૧૨૬. ખ્રીસ્તનો અખંડનીય પ્રશ્ન.
માત્થિ. ૨૨.૪૧–૪૬. માર્ક. ૧૨:૩૫–૩૭. લુક. ૨૦:૪૧–૪૪.

§ ૧૨૭. શાસ્ત્રીઓ અને ફરોશીઓ વિરૂધ્ધ સવાદ.
માત્થિ અધ્યાય ૨૩. માર્ક. ૧૨.૩૮–૪૦. લુક. ૨૦:૪૫–૪૭.

§ ૧૨૮. વિધવાની બે દમડી. માર્ક. ૧૨:૪૧–૪૪. લુક. ૨૧:૧–૪.

§ ૧૨૯. વિદેશીઓ ઇશુને શોધેછે. યોહાન. ૧૨:૨૦–૩૬

§ ૧૩૦. યહુદીઓ ખ્રીસ્તનો નકાર કરેછે. યોહાન. ૧૨:૩૭–૫૦.

§ ૧૩૧. યરૂશાલેમના નાશ તથા જગતના અંત સંબંધી સંવાદ.
માત્થિ. અધ્યાય ૨૪, ૨૫. માર્ક. અધ્યાય ૧૩. લુક. ૨૧:૫–૩૮.
[માત્થિ ૨૬:૧, ૨] [માર્ક. ૧૧:૧૯].

§ ૧૩૨. મુખ્ય યાજકો અને યહુદા વચ્ચે કાવતરૂં.
માત્થિ. ૨૬:૧–૫. માર્ક. ૧૪:૧, ૨. લુક. ૨૨:૧–૬.
માત્થિ ૨૬:૧૪–૧૬. માર્ક. ૧૪:૧૦, ૧૧.

બુધવાર.—એકાંતનો દિવસ, ઘણું કરીને બેથાનીઆમાં.

પ્રશ્નો.

૧. ઇશુના પેરીયામાં કામ કરવા દરમ્યાન મરી ગએલામાંથી ઉઠાડવાનો કયો ચમત્કાર આવેછે ?

૨. તેની અસર યહુદીઓ ઉપર કેવી થઇ ?

૩. દસ કહોડીયાઓની વાત ટુંકામાં કહો.

૪. ફરેશી અને દાણીનું દ્રષ્ટાંત કહી બતાવો.

૫. જેઓ તેની આગળ છોકરાંઓને લાવવા ચહાતા હતા તેમને ઇશુએ શું કહ્યું ?

૬. યરૂશાલેમ જતાં રસ્તામાં ઇશુએ પોતાના મરણ વિશે જે અગમવાણી કરી તે, રૂપાંતર પામવાની તરત પહેલાં જે કરી અને રૂપાંતર પામવાની પછી તરત જે કરી તેથી, કેવી રીતે જુદી પડેછે ?

૭. યાકુબ અને યોહાનની કીર્ત્તિલોભીષ્ટ વિનંતીનો ઇશુએ કેવો જવાબ આપ્યો ?

૮. સીમોન કહોડીના ઘરમાં ઇશુને અત્તર કોણે ચોળ્યું અને તે કૃત્યના સંભારણ સંબંધી ઇશુએ કેવું વચન આપ્યું ?

૯. ઇશુએ કયા શહેરમાં જયાનંદ સહિત પ્રવેશ કર્યો, અને કઇ અમુક જગ્યાએથી તે નીકળ્યો?

૧૦. જ્યારે તે શહેરની પાસે આવ્યો ત્યારે ઇશુએ શું કર્યું અને શુ બોલ્યો?

૧૧. ફળ વગરના ઝાડને ઇશુએ શું કહ્યું અને તેના કૃત્યથી તેણે શું પાઠ શીખાડયો?

૧૨. વિજયી પ્રવેશ પછી બીજે દહાડે તેણે મંદીરમાં શુ કામ કર્યું?

૧૩. ઇશુ કયા અધિકારથી એ કામો કરે છે એમ પુછનારાઓને ઇશુએ કેવો જવાબ આપ્યો?

૧૪. યરૂશાલેમના યહુદીઓને કહેલાં ચેતવણીનાં ત્રણ દ્રષ્ટાંતો કહો.

૧૫. આ દ્રષ્ટાંતોની મતલબ શી હતી?

પ્રકરણ ૩૧. ગુરૂવાર.—શિષ્યો સાથે છેલ્લો દિવસ.

§ ૧૩૩. છેલ્લુ ભોજન.
માત્થિ. ૨૬:૧૭–૩૫ માર્ક. ૧૪:૧૨–૩૧. લુક. ૨૨:૭–૩૮.
યોહાન અધ્યાય ૧૩.

§ ૧૩૪. ખ્રીસ્તના વિદાયગીરીના સવાદો. યોહાન અધ્યાય ૧૪, ૧૫, ૧૬.

§ ૧૩૫ મધ્યસ્થીની પ્રાર્થના. યોહાન અધ્યાય ૧૭.

પ્રકરણ ૩૨. શુક્રવાર.—દુઃખનો દિવસ.

§ ૧૩૬. ગેથસેમાનેમાં યંત્રણા.
[માત્થિ. ૨૬:૩૦.] [માર્ક. ૧૪:૨૬.]
માત્થિ. ૨૬:૩૬–૪૬. માર્ક. ૧૪:૩૨–૪૨. લુક. ૨૨:૩૯–૪૬.
[યોહાન ૧૮:૧.]

§ ૧૩૭. પરસ્વાધિન થવું અને પકડાવું.
માત્થિ. ૨૬:૪૭–૫૬. માર્ક. ૧૪:૪૩–૫૨. લુક. ૨૨:૪૭–૫૩.
યોહાન ૧૮:૧–૧૧ [૧૨.]

§ ૧૩૮. યહુદી અધિકારીઓ આગળ તપાસ.
માત્થિ. ૨૬:૫૭–૨૭:૧૦. માર્ક. ૧૪.૫૩–૭૨. લુક. ૨૨:૫૪–૭૧.
યોહાન ૧૮:૧૨–૨૭.

§ ૧૩૯. પીલાત આગળ તપાસ.
માત્થિ. ૨૭:[૨] ૧૧–૩૧. માર્ક. ૧૫ ૧–૨૦. લુક. ૨૩:૧–૨૫.
યોહાન ૧૮ ૨૮–૧૯:૧૬.

§ ૧૪૦. વધસ્થંભે જડાવું.
માત્થિ. ૨૭.૩૨–૫૬. માર્ક. ૧૫:૨૧–૪૧. લુક. ૨૩.૨૬–૪૯.
યોહાન ૧૯:૧૭–૩૭.

§ ૧૪૧. દફન.
માત્થિ. ૨૭·૫૭–૬૧. માર્ક. ૧૫.૪૨–૪૭. લુક. ૨૩:૫૦–૫૬.
યોહાન ૧૯.૩૮–૪૨.

પ્રકરણ ૩૩. શનિવાર.—કબરમાં.

§ ૧૪૨. કબરે ચોકી.
માત્થિ ૨૭ ૬૨–૬૬.

પ્રશ્નો.

૧. આ આપત્તિના અઠવાડીઆમાં મંગળવારે યહુદીઓએ ઇશુને કયા ત્રણ સવાલ પુછ્યા?

૨. પ્રત્યુત્તરમાં ઇશુએ તેમને કયો સવાલ પુછ્યો કે જેનો ઉત્તર તેઓ આપી શક્યા નહિ?

૩. ફરોશીઓના શિક્ષણ અને વર્ત્તન વિશે ઇશુએ પોતાના શિષ્યોને કેવી આજ્ઞા આપી?

૪. વિધવાની બે દમડીની વાત કહો.

૫. વિદેશીઓ ઇશુને શોધતા હતા તેની વાત ટુંકામાં કહો.

૬. મંદીરની બાંધણીને શું થશે એ વિશે ઇશુએ પોતાના શિષ્યોને શું કહ્યું ?

૭. ઇશુની આ વાતને લીધે શિષ્યો તેને શુ પુછવા લાગ્યા ?

૮. જ્યારે માણુસનો દીકરો આવશે ત્યારે ઇન્સાફનું સ્વરૂપ કેવું થશે એ પોતાના શિષ્યોને સમજાવવા સારૂ ઇશુ કયું દ્રષ્ટાંત બોલ્યો ?

૯. આ દ્રષ્ટાંતની વાત ચાલતી હતી તેજ વખતે ઇશુના મરણુની યોજના કોણુ કરતા હતા ?

૧૦. ઇશુએ પાસ્ખા કયાં અને કોની સાથે ખાધું ?

૧૧. આ પાસ્ખાના સંબંધમાં ઇશુએ યહુદા વિશે અગાઉથી કઇ વાત કરી ?

૧૨. આ રાતના સંવાદના સબંધમાં ઇશુએ પીતર વિશે અગાઉથી શું કહ્યું ?

૧૩. આ પાસ્ખાના સબંધમાં ઇશુએ શાની સ્થાપના કરી ?

૧૪ અને ૧૫. આ સંવાદોમાંની ઘણી યાદ રાખવા લાયક વાતોમાંથી થોડીક લખો.

ભાગ ૯.

ચાળીસ દિવસ.

પુન્રૂત્થાન થી તે આકાશગમન સુધી.

પ્રકરણ ૩૪. પુન્રૂત્થાનનો દિવસ. ખ્રીસ્તનાં પ્રથમ દર્શનો.

§ ૧૪૩. પુન્રૂત્થાનની પ્રભાત.
માત્થિ. ૨૮:૧-૧૦. માર્ક. ૧૬:૧-૧૧. લુક. ૨૪ ૧-૧૨.
યોહાન. ૨૦:૧-૧૮.

§ ૧૪૪. ચોકીદારોની હકીકત.
માત્થિ. ૨૮:૧૧-૧૫.

§ ૧૪૫. ઇમાસને રસ્તે.
માર્ક ૧૬.૧૨, ૧૩. લુક. ૨૪:૧૩-૩૫.

§ ૧૪૬. યરૂશાલેમમા દસ (શિષ્યો) ને દર્શન.
માર્ક. ૧૬.૧૪. લુક. ૨૪:૩૬-૪૩. યોહાન. ૨૦:૧૯-૨૫.

પ્રકરણ ૩૫. પછીનાં દર્શનો અને આકાશગમન.

§ ૧૪૭. યરૂશાલેમમાં અગ્યાર (શિષ્યો) ને દર્શન.
યોહાન. ૨૦:૨૬-૨૯.

§ ૧૪૮. ગાલીલના સમુદ્રે સાત (શિષ્યો) ને દર્શન.
યોહાન. ૨૧.૧-૨૪.

§ ૧૪૯. ગાલીલમાં પહાડ પર અગ્યાર (શિષ્યો) ને દર્શન.
માત્થિ. ૨૮ ૧૬-૨૦. માર્ક. ૧૬:૧૫-૧૮.

§ ૧૫૦. ખ્રીસ્તનું છેલ્લું દર્શન અને તેનું આકાશગમન.
માર્ક. ૧૬:૧૯, ૨૦. લુક. ૨૪:૪૪-૫૩.

§ ૧૫૧. યોહાનની સુવાર્ત્તાની સમાપ્તિ.
યોહાન. ૨૦:૩૦, ૩૧.
યોહાન. ૨૧.૨૫.

પ્રશ્નો.

૧. મેડીમાં સંવાદ કર્યા પછી ઇશુ પોતાના શિષ્યો સાથે યરૂશાલેમની બહાર કઇ જગ્યાએ ગયો ?

૨. આ જગ્યામાં ઇશુએ પોતા માટે શી પ્રાર્થના કરી ?

૩. ઇશુના પરસ્વાધિન કરાવાનો તથા પકડાવાનો હેવાલ ટુંકામાં આપો.

૪. ઇશુને પકડીને પ્રથમ કોની પાસે લઇ ગયા? પછી કયા યહુદી અમલદાર પાસે તેને મોકલવામાં આવ્યો ?

૫. યહુદી તપાસમાં તેને કયા પુરાવા પર ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો ?

૬. તપાસને માટે સહવારમાં કયા રૂમી અધિકારીને ત્યાં તેને લઇ જવામા આવ્યો હતો? યહુદીઓએ તેને એકવાર ગુન્હેગાર ઠરાવ્યા પછી ફરી તપાસને માટે રૂમી અમલદારની આગળ તેને મોકલવો એ શું જરૂરનું હતુ ?

૭. ઇશુના ગુન્હા વિશે રૂમી ન્યાયાધિશનો ચુકાદો કેવો હતો, અને આખરે તેણે તેને શામાટે મરણની શિક્ષા કરી?

૮. ઇશુ વધસ્થભે કયાં જડાયો, કોણે તેનો વધસ્થંભ ઉંચકયો, અને તેની સાથે કોણ વધસ્થંભે જડાયા ?

૯. પીલાતે ઇશુના વધસ્થંભ ઉપર કેવો લેખ લખાવ્યો?

૧૦. ઇશુની દફનક્રિયાની વાત ટુંકામાં કહો.

૧૧. કઇ કઇ સ્ત્રીઓ ઇશુની કબરે પ્હેલી સહવારમા આવી?

૧૨. આમાંની કઇ સ્ત્રીને ઇશુ દેખાયો એવું ખાસ લખેલુ છે?

૧૩. એજ દિવસે જરા મોડેથી ઇશુ કોને દેખાયો?

૧૪. તેના પુન્રૂત્થાન પછી ઇશુએ પોતાના શિષ્યોને તેમના ભવિષ્યના કામ સબધી કઇ મોટી આજ્ઞા આપી?

૧૫. યોહાન પોતાની સુવાર્ત્તા લખવાનો હેતુ શો જણાવે છે?